# રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાત

**(આણંદ, જૂનાગઢ અને નવસારી)**

**જાહેરાત ક્રમાંકઃ ૦૪/૨૦૨૫ (ખેતીવાડી મદદનીશ)**

**રાજ્ય કૃષિ યુનિવર્સિટીની પસંદગી અને અનામત વર્ગના ઉમેદવારોની જાતી અંગેના પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ**

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ, ગુજરાતની ખેતીવાડી મદદનીશ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેની જાહેરાત ક્રમાંકઃ ૦૪/૨૦૨૫ અન્વયે આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧** માં દર્શાવેલ ઉમેદવારોએ રાજ્ય કૃષિ યુનિવર્સિટીની પસંદગી માટે અને અનામતવર્ગના ઉમેદવારોના જાતી અંગેના પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા સ્વખર્ચે નીચે દર્શાવેલ તારીખ, સ્થળ તથા સમય મુજબ હાજર રહેવા આથી જણાવવામાં આવે છે. **જો કોઇ ઉમેદવાર રાજ્ય કૃષિ યુનિવર્સિટીની પસંદગી કાર્યક્રમમાં હાજર રહેશે નહીં તો તે ઉમેદવાર ભરતી પ્રક્રિયામાં ભાગ લેવા માંગતા નથી તેમ સમજીને ભરતી પ્રક્રિયા માંથી બાકાત રાખવામાં આવશે.**

**તારીખઃ ૧૯/૦૩/૨૦૨૬, ગુરૂવાર**

**રીપોર્ટીંગ સમયઃ સવારે ૦૯-૦૦ થી ૧૦-૦૦ કલાકે**

**સ્થળઃ કિસાન વિકાસ ભવન, સરદાર સ્મૃતિ કેન્દ્ર, મોતીબાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ**

- રીપોર્ટીંગ સમય બાદ ઉમેદવારને કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહી. તેમજ કાઉન્સેલીંગમાં ગેરહાજર ગણી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- મેરીટના ધોરણે યુનિવર્સિટી પસંદગી અંગેની અગ્રતાક્રમ આપવાની થતી હોઇ, ઉમેદવારોએ આ સાથે સામેલ યુનિવર્સિટી પસંદગી અંગેનું બાહેંધરી/ વિકલ્પ પત્રક ફરજીયાતપણે સાથે લાવવાનું રહેશે.
- સરકારી નોકરીમા ચાલુ હોય તેવા ઉમેદવારોએ ફરજીયાત "નો-ઓબજેકશન સર્ટીફિકેટ" રજું કરવાનુ રહેશે (જે ઉમેદવારોએ પ્રમાણપત્ર ચકાસણી દરમ્યાન રજું કરેલ છે તેઓએ ફક્ત તેની નકલ રજું કરવાની રહેશે)
- અનામતવર્ગના ઉમેદવારોના જાતી અંગેના પ્રમાણપત્રોની સરકારશ્રીના નિયમ મુજબ ચકાસણી કરવાપાત્ર થાય છે તેવા ઉમેદવારોએ આ સાથે સામેલ **પરિશિષ્ટ-૨**ની પ્રિન્ટ કાઢી સંપૂર્ણ વિગતો ભરવી તથા **સા.શૈ.પ. વર્ગ, અનુ.જાતિ અને અનુ.જનજાતિના ઉમેદવારોએ પ્રમાણપત્રની ચકાસણી માટે રજુ કરવાની થતી વિગતોનું નિયત ફોર્મ આ સાથે સામેલ રાખેલ છે. જે પ્રિન્ટ કરી જરૂરી વિગત ભરી અસલ તથા તેની ૨ (બે) નકલ ફરજીયાતપણે સાથે લાવવાનું રહેશે.**
- આ સાથે સામેલ ઉમેદવારોની યાદી ફક્ત અનામતવર્ગના ઉમેદવારોના જાતી અંગેના પ્રમાણપત્રોની ચકાસણી અને યુનિવર્સિટી પસંદગી માટે જ છે જેથી ઉમેદવાર નિમણૂંક અંગેનો હકક દાવો કરી શકશે નહીં. અનામતવર્ગના ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રોની ચકાસણી અને યુનિવર્સિટી પસંદગી નિમણૂંક અંગેની ખાતરી નથી.

**રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ વતી**